ગાંભોઈ ગામમાં યુવતી અને કિશોરીને સાપે ડંશ મારતા યુવતીનું સારવાર દરમિયાન મોત

હિંમતનગર, તા. ૨૯

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ગામે પેટ્રોલ પંપની બાજુમાં આવેલ ધોરીવાસમાં ગત રોજ રાત્રે એક યુવતી અને કિશોરીને સાપે ડંશ મારતા યુવતીનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે કિશોરીની હાલત હજુ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી અનુસાર હિંમતનગરના ગાંભોઈ ગામે પેટ્રોલ પંપ પાસેના ધોરી વાસમાં ઘરની આગળ સૂઈ રહેલી બે બહેનો રેશ્માબેન અળખાભાઈ થોરી (ઉ.વ. ૧૮) અને પુષ્પાબેન અળખાભાઈ થોરી (ઉ.વ.૧૧)ને મોડી રાત્રે સાંપે ડંશ માર્યો હતો. સાપે રેશ્માબેનને ત્રણ વખત અને પુષ્પાબેનને એક વખત ડંશ માર્યો હતો તેમ જાણવા મળ્યું હતું. આથી પરિવારજનોએ તાત્કાલિક બન્ને બહેનોને ગાંભોઈ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવી હતી.જ્યાં રેશ્માબેનની સ્થિતિ વધુ નાજુક જણાતા તેમને હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે પુષ્પાબેન હાલ સારવાર હેઠળ છે અને તેમની પણ હાલત વધુ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

બનાસકાંઠા જિલ્લા માહિતી ખાતાના નાયબ માહિતી નિયામક નવીનભાઈ ભગોરા છેલ્લા છ વર્ષથી પાલનપુર ખાતે ફરજ બજાવી ૩૦ જૂને વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા બનાસકાંઠાના અગ્રણી પત્રકારો દ્વારા તેઓનું બહુમાન કરી નિવૃત્ત જીવન સુખમય પસાર થાય તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. પ્રસ્તુત તસવીરમાં ગાંધીનગર સમાચારના બનાસકાંઠા બ્યુરોચીફ ગણપતભાઈ જોષીએ નવીનભાઈ ભગોરાનું શાલ ઓઢાડી બહુમાન કરી શુભેચ્છાઓ આપી રહ્યા છે તે દેશ્યમાન થઈ રહ્યું છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

થરામાં શાળા પ્રવેશોત્સવ દબદબાપૂર્વક યોજાયો

થરા, તા. ૨૯

શહેરી વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવ ૨૦૧૨-૧૩ દરમિયાન થરા નગરપાલિકા વિસ્તાર, રોહિતનગર, થરા પ્રાથમિક શાળા-૧, ઉગમણા વાસ પ્રાથમિક શાળા, આંબલી વાસ પ્રાથમિક શાળા, તેમજ ધાંધોસ વાસ પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયેલ હતો. પાંચેય શાળાઓમાં ૮૮ બાળકોને નવીન પ્રવેશ મેળવેલ સાથે સાથે ૬૩ જેટલ તિથિ ભોજન નોંધાયેલ હતા. આ સમગ્ર કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારી કાંકરેજ થરા નગરપાલિકાના પ્રમુખશ્રી મુળરાજસિંહ હાજર રહ્યા હતા. આ મહાનુભાવોએ થરા વિશ્રામગૃહમાં વૃક્ષારોપણ કરેલ હતું. જિલ્લા વિકાસ અધિકારી તરફથી તા. ૧૩ મી સપ્ટેમ્બરના રોજ તિથિ ભોજન આપવાની જાહેરાત કરી હતી.

આ કાર્યક્રમમાં ગામ આગેવાનો સોમાભાઈ નટુભાઈ ગજજર, રમેશભાઈ પટેલ, અજિતભાઈ ત્રિવેત્રી, શકુભાઈ સાંચોરા, રાયમલભાઈ પટેલ, નટુભાઈ દેસાઈ, જયંતીભાઈ પુરોહિત, પસાભાઈ રાવળ, રઘુભાઈ મકવાણા, હિતેશભાઈ મોચી હાજર રહ્યા હતા. સી.આર.સી. શ્રી નટુભાઈ ગજજરે સંચાલન કરેલ હતું.

એન.એલ. હાઈસ્કૂલ લક્ષ્મીપુરાનું ગૌરવ

ખેડબ્રહ્મા, તા. ૨૯

ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૨માં લેવાયેલી એસ.એસ.સી. ધોરણ-૧૦ની પરીક્ષાનું પરીણામ જાહેર થતા ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ખાતે આવેલ એન.એલ. હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી અને શિક્ષક કાન્તીલાલ ગામેતીની પુત્રી ધૃતિ કાન્તીલાલ ગામેતીએ ૯૮.૪૧ પર્સન્ટાઈલ રેન્ક મેળવી શાળા અને સમાજની અસ્મિતાને ઉજાગર કરી છે.

લક્ષ્મીપુરા સ્થિત એન.એલ. હાઈસ્કૂલની વિદ્યાર્થિનીએ શિક્ષક સમાજની શાન વધારી છે અને માતા-પિતાની કિર્તીને ચાર ચાંદ લગાડ્યા છે ત્યારે વિદ્યાર્થિનીની આ સિદ્ધિ બદલ જાગૃતિ સેવા મંડળ સરદારનગર, માતા-કોકીલાબેન ગામેતી દાદા સુકાજી ગામેતી સહિત શાળા પરિવાર અને ગામના અગ્રણીઓએ શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

પ્રાંતિજના શહેરી વિસ્તારની શાળાઓમાં પ્રવેશોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૯

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત શહેરી વિસ્તારની શાળાઓના ત્રિદિવસીય પ્રવેશોત્સવ કાર્યક્રમમાં આજે રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણે પ્રાંતિજ તાલુકાની નવા બાકલપુર પ્રાથમિક શાળા તથા પ્રાંતિજ શાળા નં. ૨ માં ૨૮ નાના ભૂલકાઓને શાળામાં પ્રવેશ અપાવ્યો હતો.

આ શાળા પ્રવેશોત્સવ નિમિત્તે પ્રાંતિજ તાલુકાની બાકલપુર પ્રાથમિક શાળા તેમજ પ્રાંતિજ શાળા નં. ૨ માં ૨૮ ભૂલકાઓને શાળામાં પ્રવેશ અપાવી તેમને વિવિધ કિટ્સ, દફતર, સ્લેટ, પેનો સહિતની શૈક્ષણિક સામગ્રી ઉપસ્થિત દાતાઓના હસ્તે આપવામાં આવી હતી. જ્યારે જાયન્ટસ ગ્રુપ ઓફ ટેલટીનીયમ દ્વારા દફતરોનું વિતરણ તથા બાકલપુરના છ બાળકોને એક વર્ષ માટે દત્તક લઈ અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમના અંતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા મંત્રીનું સન્માન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ ઉષાબેન, મામલતદાર અંબાલાલ પટેલ, પ્રાંત અધિકારી આશાબેન શાહ સહિત મોટી સંખ્યામાં અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

કલોલ શહેરની બે -થમિક શાળાઓમાં ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસારની ઉપસ્થિતિમાં શાળા -વેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૯

રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી અભિયાન શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના આજે બીજા દિવસે કલોલ શહેરની -થમિક શાળા નંબર - ૪ અને ૯માં ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસારે બાળકોને ન્ત્સાહિત કરી શાળા -વેશ કરાવ્યો હતો. શ્રી અશોકભાઈ ભાવસારે આંગણવાડી અને ધોરણ-૧ માં -વેશતા બાળકોને કુમકુમ તિલક કરીને ચોકલેટ, રમકડા, દફતર,કંપાસ, નાસ્તાના ડબ્બા જેવી વિવિદ્ય ચીજવસ્તુઓ અર્પણ કરી હતી. તેમના હસ્તે દાતાશ્રીઓ અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી ભાવસારે -થમિક શાળા- ૯ માં નવા -વેશ મેળવનાર આંગણવાડી અને ધોરણ-૧ના બાળકોને મજા પડી જાય તે માટે ડીસ્કો કાના ડીસ્કો.... પર મુકત મને બાળકોને ડાન્સ કરાવ્યો હતો. વાલીઓ, શિક્ષકો અને બાળકોને સંબોદ્યતા શ્રી અશોકભાઈ ભાવસારે જણાવ્યું હતું કે, આજે ફરજીયાત -થમિક શિક્ષણનો અદ્યિકાર કાયદો અમલી બન્યો છે. ત્યારે એકપણ બાળક -થમિક શિક્ષણથી વંચિત ન રહે તે જોવાની આપણી ફરજ છે. કોઈ પણ ક્ષેત્રે આગળ વદ્યવું હોય તો શિક્ષણ એ પાયાની જરૂરિયાત છે. આજે રાજયની તમામ શાળામાં તમામ -કારની શૈક્ષણિક આંતરમાળખાકીય સુવિદ્યાઓ સરકારે ઉપલબ્ધ કરી છે. ત્યારે શિક્ષણની ગુણવત્તાની આપણે ચિંતા કરવી જોઈએ. બાળકોને ભણાવવાથી વાત પુરી થતી નથી તેમને સર્વાંગી શ્રેષ્ઠ શિક્ષણ શાળામાં મળે તે મહત્વની વાત છે. આપણે સાથે મળી બાળકોમાં શ્રેષ્ઠ શિક્ષણ, સંસ્કાર માટે સહયોગી બનવાનું છે.રાજ્ય સરકાર દ્વારા -થમિક શિક્ષણમાં પરિવર્તનના ભાગ રૂપે -જ્ઞા ન્જેકટ અંતર્ગત ધોરણ ૧ થી ૪ માટે એક અલગ જ -કારના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત કલોલ શહેરમાં એક વર્ગ શરૂ કરવામાં આવ્યો છે. જયાં બાળક દફતર વિના શાળાએ આવશે, તેમજ મુકત મને તેને જે કરવું હશે, તેની આઝાદી મળશે. કલોલ શહેરની -થમિક શાળા નંબર-૪ (નંદલાલ ચોક)માં ધોરણ-૧ માં ૨૮, ધોરણ-૮ માં ૫૯ અને આંગણવાડીમાં ૧૩ બાળકોને -વેશવિદ્યિ સંપન્ન કરવામાં આવી હતી. આ શાળાના તમામ બાળકોને સ્વામિનારાયણ ગાદી સંસ્થા, મણિનગર દ્વારા આ શાળાના તમામ ૪૦૦ વિદ્યાર્થીઓને સ્કુલ બેગ, નોટો અને ચોપડા આપવામાં આવ્યા હતા. તે ઉપરાંત દાતાશ્રીઓ દ્વારા શાળામાં ૧૦ પંખા તથા એકવાગાર્ડ પણ આપવામાં આવ્યું હતું.શાળાની ત્રણ વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા હતા.

જામળામાં ફાજલ શિક્ષકને પરત મુકવાના નિર્ણયથી સુખદ સમાધાન

હિંમતનગર, તા.૨૯

હિંમતનગરના જામળા ગામની શાળામાં ફાજલ શિક્ષક કરવા મામલે શાળાની તાળા બંધી કરવામાં આવી હતી જે અંગે શિક્ષણ વિભાગે યોગ્ય નિર્ણય લેતા મંડળ અને શિક્ષણ વિભાગ વચ્ચે સુખદ સમાધાન થયું હતું.

મળતી માહિતી અનુસાર બે દિવસ પહેલા હિંમતનગર તાલુકાના જામળા ગામની શાળામાં ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષકને ફાજલ કરવામાં આવ્યા હતા. જે અંગે વાલી મંડળ અને કેળવણી મંડળે ઉગ્ર રોષ વ્યકત કરી શિક્ષણ વિભાગની રીતિ નીતિ સામે આક્ષેપ કરી શાળાની તાળા બંધી કરી હતી પરિણામે શિક્ષણ વિભાગે જામળા કેળવણી મંડળ તથા વાલી મંડળ સાથે ગહન ચર્ચા વિચારણા કરી હતી અને શિક્ષણ વિભાગે યોગ્ય નિર્ણય લેતા બંને વચ્ચે સુખદ સમાધાન થયું હતું અને શાળાનું રાબેદા મુજબનું કાર્ય શરુ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ગાબટ સેવા સહકારી મંડળીની ચૂંટણીમાં ચિરાગ પટેલની પેનલનો ભવ્ય વિજય

બાયડ, તા. ૨૯

બાયડ તાલુકાના ગાબટ મુકામે ગાબટ સેવા સહકારી મંડળીની ભારે રસાકસીભરી ચૂંટણી જંગમાં ચિરાગ પટેલની પેનલનો બિનહરિફ વિજય થયો હતો.

બાયડ તાલુકાના ગાબટ મુકામે ગાબટ સેવા સહકારી મંડળીની યોજાયેલી ચૂંટણીની મતગણતરી બાદ જાહેર થયેલ પરિણામમાં ગાબટ માર્કેટયાર્ડના ડિરેક્ટર ચિરાગ પટેલની પેનલમાં મહેશભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ તથા કમલેશભાઈ પટેલનો ભવ્ય વિજય થયો હતો જેથી તમામ ડિરેક્ટરો તેમજ તેમના ટેકેદારોએ વિજયની વધામણી કરી ચૂંટાયેલા તમામને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં		
મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩
વિઠ્ઠલભાઈ સુથાર	લક્ષ્મીપુરા	૯૪૦૮૧૨૫૧૧૫
મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં		
ગણપતભાઈ જોષી	પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.)	૯૩૭૫૦૭૬૦૬૧
મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ)	૯૯૭૯૪૦૨૫૩૩
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601

જાહેર નિવિદા
ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)
રજી. કચેરી : બીજ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર -૩૮૨૦૧૦
વહીવટી શાખા : ૨૩૨૫૬૬૮૭, ૨૩૨૫૬૬૬૨, ૨૩૨૫૬૭૧૬-૧૭
અનુભવી બી.ઈ. સિવિલ એન્જિનિયર જોઈએ છે
ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ., દ્વારા કાર્યરત બાંધકામ તથા રીનોવેશનની કામગીરીના બીલોની ચકાસણી માટે ઉચ્ચક રકમથી અનુભવી બી.ઈ. સિવિલ એન્જિનિયર જોઈએ છે.
બાંધકામ-રીનોવેશનની કામગીરીના બીલોની ચકાસણી કરવાની કામગીરીનો અનુભવી ધરાવતા બી.ઈ. સિવિલની ડીગ્રી અને ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારોએ કચેરી સમય દરમિયાન નિગમની વહીવટી શાખાનો સંપર્ક કરી કામગીરીની વિગતોનું પરિશિષ્ટ મેળવી સંપૂર્ણ વિગતો ભરીને દરખાસ્ત બંધ કવરમાં તા. ૧૦-૭-૨૦૧૨ સુધીમાં ઉક્ત સરનામે મોકલી આપવાની. કવર ઉપર "સિવિલ એન્જિનિયરની અરજી" એમ સ્પષ્ટ દર્શાવવું.
(યુ.ડી. સિંઘ) IFS
મેનેજીંગ ડીરેક્ટર

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮